પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૫૧ | ૧૦ ઓગસ્ટ, ૨૦૧૯, શનિવાર; શ્રાવણ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# નર્મદા ડેમની ઐતિહાસિક જળસપાટી

**ઇતિહાસમાં પ્રથમવાર નર્મદા ડેમના ૨૪ દરવાજાઓ ખોલવામાં આવ્યા : સૌપ્રથમ નર્મદા ડેમ ઓવર ફ્લો, ૧૩૧.૨૦ મીટરની જળ સપાટીએ : ભારે વરસાદથી નર્મદા કાંઠાના કુલ ૪૨ ગામોમાં હાઇએલર્ટ : ગોલ્ડનબ્રીજના અસગ્રસ્તોને ખસેડાયા : ઉપરવાસમાંથી ૫.૫૦ લાખ ક્યુસેક પાણીની આવક**



ગાંધીનગર, તા.૯

ગુજરાતની જીવાદોરી નર્મદા ડેમની જળ સપાટી સૌપ્રથમવાર ૧૩૧.૨૦ મીટરે પહોંચ્યા બાદ ઈતિહાસમાં સૌપ્રથમવાર ડેમના દરવાજા ખોલવામાં આવ્યા હતા. જેને પગલે રાજયના પ્રજાજનોમાં ભારે ખુશીની લાગણી છવાઈ ગઈ હતી. ખાસ કરીને રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ દ્વારા માતાજીની ચૂંદડી અને નાળિયેર નર્મદાના નીરમાં વહાવી નર્મદા માતાના ભારે શ્રધ્ધાપૂર્વક વધામણાં પણ કર્યા હતા. ઉપરવાસમાં ભારે વરસાદના પગલે નર્મદા ડેમમાં પાણીની જોરદાર આવક થઈ હતી. પાણીની આવક વધતા ડેમના દસ દરવાજા ગુરુવારે મોડી રાત્રે ૧-૩૦ વાગ્યે ખોલવામાં આવ્યા હતા. જ્યારે વહેલી સવારે કુલ ૨૪ દરવાજા ૦.૯૨ સેમી ખોલાયા હતા અને ડેમમાંથી કુલ ૬ લાખ ક્યૂસેક પાણી છોડાયું હતું. જો કે, અત્યારે ત્રણ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે અને ડેમના ઉપરવાસમાંથી ૫.૫૦ લાખ ક્યુસેકની આવક થઈ રહી છે. ડેમમાંથી પાણી છોડવામાં આવતા નદી કાંઠે અવર-જવર ન કરવા સૂચના આપવામાં આવી હતી. ભરૂચ અને નર્મદા જિલ્લાના ૪૨ ગામોને એલર્ટ કરવામાં આવ્યા હતા. તો, તંત્ર દ્વારા

● અનુસંધાન પાન-૭ પર

## નર્મદાના નીરને વધાવતા મુખ્યમંત્રી

**નર્મદા મૈયાના અગાધ જળને વધાવવા મુખ્યમંત્રી-નાયબ મુખ્યમંત્રી કેવડીયા પહોંચ્યા : ગુજરાત માટે આનંદનો અવસર : મુખ્યમંત્રી**



ગાંધીનગર, તા.૯

ગુજરાતની જીવાદોરી નર્મદા ડેમ છલકાતા રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ આજે વહેલી સવારે કેવડીયા કોલોની પહોંચ્યા હતા, જ્યાં નર્મદાના નીર જોઈને મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી હરખાઈ ગયા હતા. મુખ્યમંત્રીએ માતાજીની ચૂંદડી અને શ્રીફળ નર્મદાના નીરમાં વહાવી નર્મદા મૈય્યાના વધામણાં કરી વંદન કર્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રી રૂપાણીએ જાહેરાત કરી હતી કે, ગુજરાતમાં દુષ્કાળના ઓળા દૂર થયા છે. નર્મદાના પાણી જળાશયો ભરીને ખેતીવાડી અને પીવાના પાણી માટે આપવામાં આવશે. આગામી ૧૦-૧૫ દિવસ હજુ સારા વરસાદની આગાહી છે અને વાતાવરણ પણ સાનૂકુળ છે ત્યારે નર્મદાના ડેમ પૂર્ણ સપાટી ૧૩૮ મીટરે પહોંચશે અને સરદાર સાહેબે ૧૯૪૮માં સેવેલું સપનું સાકાર થશે તેવી અપેક્ષા પણ વ્યકત કરી હતી. મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ડેમના દરવાજાની અને ડેમ પૂર્ણ કક્ષાએ ભરવાની પરવાનગી આપ્યા પછી પહેલીવાર ડેમની સપાટી ૧૩૧.૫ મીટરે પહોંચી છે તે સમગ્ર ગુજરાત માટે આનંદનો અવસર છે.

## ગોલ્ડનબ્રિજ પાસે ૫૦૦થી વધુને સલામત સ્થળે ખસેડાયા

**ગોલ્ડનબ્રીજ પાસે નદીની સપાટી ભયજનક : નર્મદા નદી પરના ગોલ્ડન બ્રિજની સપાટી ૨૭ ફૂટ ઉપર નર્મદા ડેમમાંથી પાણી છોડાતાં ભરૂચ જિલ્લા તંત્ર એલર્ટ**

ગાંધીનગર, તા.૯

ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમમાંથી આઠ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવતા ભરૂચ ખાતે ગોલ્ડન બ્રિજની સપાટી ૨૭ ફૂટ થઈ હતી. ગોલ્ડન બ્રિજની ભયજનક સપાટી ૨૨ ફૂટ છે અને તેથી આજે ગોલ્ડન બ્રીજે તેની ભયજનક સપાટી વટાવતા ભરૂચ જિલ્લાના ૨૦થી વધુ ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે.

અસરગ્રસ્તોનું ગુરૂદ્વારામાં આશરો આપવામાં આવ્યો હતો. નર્મદા નદી ૨૪ ફુટને પાર થતાં ગોલ્ડન બ્રીજ ૫૦૦થી વધુ લોકોને તંત્ર દ્વારા સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. નર્મદા ડેમમમાંથી પાણી છોડવામાં આવતા નર્મદા નદી હાલ બે કાંઠે વહી રહી છે અને ભરૂચ ખાતે આવેલા ગોલ્ડન બ્રિજની સપાટી સતત વધી રહી છે. ગોલ્ડન બ્રિજની સપાટી હાલ ૨૭ ફૂટ છે અને તે વધીને ૩૦ ફૂટને પાર કરે તેવી શક્યતા છે. જેથી ભરૂચ જિલ્લા કલેક્ટરે આજે સવારે તાકીદની બેઠક બોલાવી હતી.

નર્મદા જિલ્લાના ડેમના કાંઠાના ગામોને એલર્ટ રહેવા માટે સૂચના જારી કરાઈ હતી. ભરૂચ જિલ્લા કલેક્ટર ક્ષિપ્રા આગ્રેએ જણાવ્યું હતું કે, અમે લોકોને સાવચેત રહેવા માટે અપીલ કરીએ છીએ અને તંત્રને પુરતો સહકાર આપે તેવી વિનંતી કરીએ છીએ. અમે લોકો કાંઠા વિસ્તારમાં પોલીસ સાથે રાખીને સતત પેટ્રોલિંગ શરૂ કરી દેવામાં આવ્યું છે. અસરગ્રસ્ત વિસ્તારમાંથી લોકોને સહીસલામત સ્થળે ખસેડવાની તજવીજ તંત્ર દ્વારા હાથ ધરાઈ રહી છે.

## પીઓકે પણ અમારું અભિન્ન અંગ છે : રવિશકુમાર

નવી દિલ્હી, તા. ૯

વિદેશ મંત્રાલયે જમ્મુ કાશ્મીરના મુદ્દા પર પાકિસ્તાનના વલણ પર કહ્યું છે કે, પડોશી દેશ એટલા માટે પરેશાન છે કે હવે તેમને આતંકવાદનો ફેલાવવા કરવા માટે મદદ મળી શકશે નહીં. કાશ્મીર મુદ્દા ઉપર સંયુક્ત રાષ્ટ્રમાં જવાની ધમકી ઉપર વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે, પીઓકે પણ અમારું જ છે અને અમારા આંતરિક મામલામાં સંયુક્ત રાષ્ટ્રમાં ઉઠવવા માટે પાકિસ્તાન પાસે કોઈ આધાર નથી. વિદેશમંત્રાલયના પ્રવક્તા રવિશકુમારે આજે પોતાની સાપ્તાહિક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું છે કે, આ તમામ રીતે ભારતનો આંતરિક મામલો છે અને પાકિસ્તાન ભયનો

● અનુસંધાન પાન-૭ પર

## કેરળ, મહારાષ્ટ્ર, કર્ણાટકમાં પુરની સ્થિતી

**ભારે વરસાદ અને પુરના કારણે મોતનો આંકડો ૬૫, સેંકડો લાપતા : ભારે વરસાદ બાદ વિવિધ રાજ્યોમાં પુરની સ્થિતી વધુ ગંભીર : બચાવ અને રાહત કામગીરીમાં એનડીઆરએફની ટીમો વ્યસ્ત : હવાઇ સર્વેક્ષણ કામગીરી**

નવી દિલ્હી,તા. ૯

ભારે વરસાદના કારણે કેરળ, મહારાષ્ટ્ર, કર્ણાટક, આસામ, ઓરિસ્સા અને ભારતના પૂર્વીય ભાગોમાં હાલત કફોડી બનેલી છે. આ તમામ રાજ્યોમાં ભારે પુરના કારણે સ્થિતી ગંભીર બનેલી છે. ભારે વરસાદ અને પુરના કારણે હજુ સુધી આ રાજ્યોમાં ઓછામાં ઓછા ૬૫ લોકોના મોત થઈ ગયા છે. સાથે સાથે સેંકડો લોકો લાપતા જણાવવામાં આવ્યા છે. મહારાષ્ટ્રમાં સૌથી વધારે ૨૭ લોકોના મોત થયા છે જ્યારે કેરળમાં ૨૩ અને કર્ણાટકમાં નવ લોકોના મોત થયા છે. આ તમામ રાજ્યોમાં વિસ્થાપિત થયેલા લોકોની સંખ્યા પણ લાખોમાં પહોંચી ગઈ છે. મુંબઈથી પ્રાપ્ત અહેવાલ મુજબ મહારાષ્ટ્રમાં સાંગલી, કોલ્હાપુર, સોલાપુર, પુણે અને સતારામાં ફસાયેલા ૨૦૫૫૯૧ લોકોને સુરક્ષિત સ્થળ પર લઈ જવામાં આવ્યા છે. કોલ્બાપુરમાં ૯૭૧૦૨ લોકોને શિફ્ટ કરવામાં આવ્યા છે. સાંગલીમાં ૧૧ લોકોના મોત થયા છે. જ્યારે કોલ્બાપુરમાં પાંચના મોત થયા છે. તમામ વિસ્તારોમાં ભારે વરસાદના કારણે હાલત કફોડી છે. બચાવ અને રાહત કામગીરી ચાલી રહી છે. અસરગ્રસ્ત રાજ્યોમાં પુર પ્રભાવિત વિસ્તારોમાં એનડીઆરએફની ટીમ બચાવ અને રાહત કામગીરીમાં લાગેલી છે. મોટી સંખ્યામાં લોકોને બચાવી લેવામાં આવ્યા છે. કેરળમાં પુરની સ્થિતી વધુને વધુ ગંભીર બની રહી છે. એકલા કેરળમાં જ ઓછામાં ઓછા ૨૩ લોકોના મોત થઈ ચુક્યા છે. નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ છે. લોકોના ઘરમાં પાણી ઘુસી ગયા છે. એર્નાકુલમમાં લોકોના ઘરમાં પાણી ઘુસી ગયા છે. કોઝિકોડમાં જળબંબાકારની સ્થિતી જોવા મળી રહી છે. કોચિ એરપોર્ટને રવિવાર સુધી બંધ કરવાની જાહેરાત કરવામાં આવી છે. એરપોર્ટ પર રનવે એરિયામાં પાણી ભરાઈ ગયા છે. કેરળમાં વર્ષ ૨૦૧૮માં પણ ભારે વરસાદ થયો હતો. વર્ષ ૨૦૧૮માં ૪૧૭ લોકોના મોત થયા હતા. તમામ પુરગ્રસ્ત રાજ્યોમાં મુખ્યપ્રધાન હવાઈ સર્વેક્ષણ કરીને માહિતી મેળવી રહ્યા છે. અહીં ૧૨ હજારથી પણ વધારે લોકોને સુરક્ષિત સ્થળે ખસેડી લેવામાં આવ્યા છે. જનજીવન સંપૂર્ણપણે ખોરવાયેલુ છે. પરિવહન સેવા અસરગ્રસ્ત વિસ્તારોમાં ઠપ્પ થઈ ચુકી છે. કેરળમાં પુરની હાલત ખરાબ ગંભીર છે. કેરળમાં પુરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે.. ૩૧૫ રાહત કેમ્પોમાં ૨૨૦૦૦ લોકોને ખસેડી લેવામાં આવ્યા છે. મુખ્યપ્રધાન વિજયન દ્વારા આર્મીની મદદ લેવામાં આવી રહી છે. રાહત અને બચાવ કામગીરી માટે વધારાની એનડીઆરએફની ટીમ આપવાની માંગ કરવામાં આવી છે. બીજી બાજુ કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી પોતે પણ પોતાના મતવિસ્તારમાં લોકોની મદદ માટે પહોંચી છે. વાયનાડમાં મેપપ્ડીમાં ભેખડ ધસી પડવાની ઘટના બની છે. જેથી ૨૦૦૦ લોકોને સુરક્ષિત ખસેડી લેવામાં આવ્યા છે. હવામાન વિભાગે ૧૪મી ઓગષ્ટ સુધી ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે.



## અરૂણ જેટલી એઈમ્સમાં દાખલ

નવી દિલ્હી, તા.૯

પૂર્વ નાણાંમંત્રી અરૂણ જેટલીને મોડી સાંજે એઈમ્સ ખાતે દાખલ કરાયા હતા. શ્વાસ લેવામાં તકલીફની ફરિયાદને પગલે જેટલીને એઈમ્સ ખસેડાયા હતા. જોકે છેલ્લા કેટલાય વખતથી કિડનીની બિમારીથી પિડાય છે. મોડી સાંજે પ્રધાનમંત્રી મોદી અને ગૃહમંત્રી અમિત શાહ સહિત અગ્રણીઓ એઈમ્સ પહોંચ્યા હતા.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

Attention : કોઈ પણ વિદ્યાશાખાના
સ્નાતકો - Graduates
શું આપ શ્રેષ્ઠ કારકિર્દી અંગે
ચિંતન કરી રહયા છો???
આપ માટે ખૂબ જ ઉપયોગી
ફ્રી સેમીનાર
૧૦.૮.૨૦૧૯-શનિવાર તથા ૧૧.૮.૨૦૧૯-રવિવારના રોજ
વધુ માહિતી માટે : ૭૦૪૩૯૫૦૯૯૯

